
# જન્મદિને વધામણી


રચના બી રાવલ


કહાન રુચિર શુક્લા


મોક્ષ રાજપૂત
મો. ૯૯૦૯૯ ૪૮૩૫૮


આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી મહાનગર ભાજપ દ્વારા સેકટરોમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. ઘર ઘર ભાજપના અભિગમ સાથે હાથ ધરાયેલ પ્રચાર ઝુંબેશ અન્વયે આજે નગરના વોર્ડ નં -૧ માં ઈન્ચાર્જ મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ પ્રચાર ઝુંબેશ દરમિયાન અમિત શાહને જંગી બહુમતથી વિજેતા બનાવવા અપીલ કરી હતી આ પ્રચાર ઝુંબેશમાં પક્ષના કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ગાંધીનગર બેઠક પર સાત ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર લોકસભા બેઠક માટેના જંગમાં આજે ૭ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચતા હવે ૨૭ ઉમેદવારો જંગમાં છે. આજે જે સાત ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા છે તે બધાજ અપક્ષ ઉમેદવારો છે. આજે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં તો આ સાતેય ઉમેદવારો એક એક કરી અને તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી ગયા હતા. રજાનો દિવસ હતો પણ જાહેર રજા ન હોવાથી ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે તેવી ચૂંટણીપંચે જાહેરાત કરી હતી. હવે સોમવારે બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે. જે ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા છે તેમાં કેશવલાલ કાછડિયા, કિરણભાઈ બી. પટેલ, અમીતભારતી ગોસ્વામી, મોતીભાઈ દેસાઈ, કૌશિકભાઈ પાંડોર, દિપકભાઈ સુથાર અને સુરેન્દ્રભાઈ શાહનો સમાવેશ થાય છે. આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચાતા હતા ત્યારે જિલ્લાના રાજકીય આગેવાનોની કલેક્ટર કચેરી ખાતેની હાજરી પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની હતી. આજે આખો દિવસ અને હવે સોમવારે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચાઈ ગયા બાદ ચૂંટણી અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ખબરદાર જો બણગા ફૂંક્યા છે કે, મતદાન મારો હક્ક છે અને સારો ઉમેદવાર ચૂંટી લાવીશ... જીંદગીમાં એકેય વાર એવું નથી થયું કે અમારા લાવેલ રીંગણા સડેલા ન હોય....!!

# જિલ્લામાં શતાયુ પાર કરેલ નોંધાયેલા મતદારો ૧૬૧ છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૬૧ મતદારો ૧૦૦થી વધુ વય ધરાવતા છે જે આ ૧૪મી લોકસભાના ચૂંટણી જંગમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૬,૭૪૧ વયસ્ક મતદારો નોંધાયેલા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૮૦ વર્ષથી વધુની વય ધરાવતા ૧૫,૭૮૮ મતદારો છે, જ્યારે ૯૦ થી વધુની વય ધરાવતા ૧૭૯૨ મતદારો છે અને ૧૬૧ મતદારો ૧૦૦થી વધુની વય ધરાવે છે.

૧૦૦થી વધુની વય ધરાવતા જે નોંધાયેલા મતદારો છે તેમાં દહેગામમાં ૨૫, ગાંધીનગર (દ)માં ૩૫, ગાંધીનગર (ઉ)માં ૨૭, માણસામાં ૩૬ અને કલોલમાં ૩૮ મતદારોનો સમાવેશ થાય છે.

૮૦ વર્ષથી વધુ વયના સૌથી વધુ મતદારો માણસા વિધાનસભામાં નોંધાયા છે જેની સંખ્યા ૩૬૩૭ છે. આ પછી ગાંધીનગર (દ)માં ૩૫૯૭, ગાંધીનગર (ઉ)માં ૩૬૩૭ અને કલોલમાં ૨૯૯૭ તો દહેગામમાં ૨૫૩૬ મતદારો છે.

લાંગાએ જણાવ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણી અંગેની તમામ તૈયારીઓ તંત્ર દ્વારા હાલ પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં ૬ હજારથી વધુ કર્મચારીઓને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવેલી છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૨લાખ ૨૨ હજારથી વધુ છે.

જે નોંધાયેલા મતદારો છે તેમાં ૬,૨૮,૧૨૫ પુરુષ મતદારો અને ૫,૯૪,૫૬૬ મહિલા મતદારો તેમજ ૩૭ ત્રીજી જાતિના નોંધાયેલા મતદારો છે.

# શહેરમાં કટાયેલા કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા

**લાઇટના થાંભલાને કલર પણ કરવામાં આવતો નથી : કોર્પોરેશનની ટીમ કામે લાગી : જાહેરાત ચિપકાવારાઓ સામે દંડનીય કાર્યવાહી અનિવાર્ય હોવાનો સુર**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં એક અંદાજ મુજબ ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ રહેતા સેકટરોમાં અંધારુ છવાયેલુ રહેતુ હોવાની ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામે છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલા પર જુદા જુદા વેપાર ધંધાને લગતી જાહેરાતોના પેમ્ફલેટ તેમજ બેનર્સ પણ લટકતા નજરે પડે છે. તંત્ર દ્વારા જાહેરખબરનુ માધ્યમ બનતા સ્ટ્રીટ લાઈટના થાંભલા પર લટકતા બેનર્સ તેમજ પેમ્ફલેટ દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર સ્થિત સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા પર વિવિધ ટયુશનના વર્ગો તેમજ ખાનગી જાહેરાતના પેમ્ફલેટ તેમજ સ્ટીકર્સ ચિપકેલા જોવા મળીરહ્યા છે. બેનર્સ પણ લગાવી દેવાતા સ્ટ્રીટ લાઈટના થાંભલાનો ઉપયોગ પણ બદલાઈ ગયો છે. જાણે લાઈટના થાંભળા અજવાળુ પાથરવા માટે નહીં પરંતુ જાહેરાત માટેનુ કેન્દ્ર સ્થાન બની ગયા છે. નગરના સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર ઠેર ઠેર લાઈટના થાંભલા પર મનસ્વી રીતે વિવિધ પ્રકારની જાહેરાત માટે સ્ટીકર્સ તેમજ બેનર્સ લગાવી દેવાતા થાંભલાનો કલર પણ ઉખડી જાય છે.સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી આમ પણ વિસરાઈ છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર પણ સમયાંતરે થતો નથી. ત્યારે કાટ ખાઈ ગયેલા કંગાળ થાંભલા ઘણીવાર બંધ હાલતમાં હોય છે. પરંતુ લાઈટના પોલ્સ પર ચિપકાવેલી જાહેરતો યથાવત હોય છે. આ સ્થિતિને ધ્યાને લઈ કોર્પોરેશનના તંત્ર દ્વારા લાઈટના થાંભલા પર ચિપકાવેલા જાહેરાતના પોસ્ટર્સને દુર કરવા માટે પણ અભિયાન હાથ ધરાયુ છે. સે-૧૬ માં પણ સર્વિસ રોડ પર લાઈટના થાંભલા પર જાહેરાતોની ભરમાર જોવા મળી હતી. આ માટે બે જેટલી ટીમો કામે લાગી હતી આ દરમિયાન લાઈટના થાંભલા પર ચિપકેલા બેનર્સ પણ દુર કરાયા હતા. જો કે હજુ સેકટરોમાં આ સ્થિતિ યથાવત છે. આ મામલે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે ત્યાં સુધી કોઈ અસરકારક પરિણામ નહીં મળે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

## આગામી અઠવાડિયે ગરમીની આગાહી

ગાંધીનગર,તા.૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીએ હાહાકાર મચાવ્યો છે. ભીષણ ગરમીના કારણે અમદાવાદમાં સામાન્ય જનજીવન પણ પ્રભાવિત થયું છે. શહેરીજનો માર્ચના છેલ્લા અઠવાડિયાથી આકરા તાપમાં શેકાઈ રહ્યા છે. બે દિવસ પહેલાં ગરમીનો પારો ઉપર ચઢીને છેક ૪૩.૭ ડિગ્રીએ જઈને અટકતાં નાગરિકો તોબા પોકારી ગયા હતા. છેલ્લાં ૨૦ વર્ષમાં પહેલી વાર એપ્રિલ મહિનાના પ્રારંભમાં આટલી ભીષણ ગરમી પડી રહી છે. જોકે આજે સવારે શહેરીજનોએ ૨૨.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતાં આંશિક રાહત અનુભવી હતી.

# શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રોની ૩૫૦ જેટલી સીડીની ફરીથી ચકાસણી

ગાંધીનગર,તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં રેકોર્ડ કરવામાં આવેલા સીસીટીવી ફૂટેજની સીડીને જોવાની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. કેટલીક સીડીઓ ખૂલી જ નથી તેવી ડિફેક્ટિવ સીડી રજૂ કરવા માટે જે તે શાળાઓને નોટિસ પણ આપી દેવામાં આવી છે.

તાજેતરમાં શરૂ થયેલી સીડી જોવાની કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૪૫૦૦થી જેટલી સીડીની ચકાસણી કરાઈ હતી. સીસીટીવી ફૂટેજની સીડીની ચકાસણી કરતાં શિક્ષકો અને ડીઈઓ કચેરીના કર્મચારીઓ ટીમને ૩૫૦ જેટલી સીડીમાં ગેરરીતિની આશંકા જતા ફરી ચકાસણી હાથ ધરાઈ છે. અમદાવાદ શહેર-જિલ્લાનાં કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષાના સીસીટીવીના ફૂટેજને ચેક કરવાની કાર્યવાહી માટે ડીઈઓ કચેરી દ્વારા બનાવવામાં આવેલી ટીમ દ્વારા ૫૦ થી વધુ શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે.

બોર્ડ પરીક્ષાઓમાં સુપવાઈઝર દ્વારા કોપી કેસ કરવામાં આવતા હોય છે. જોકે ઘણી વખત કોઈ વિદ્યાર્થી કોપી કરતો હોય તો તે ખબર પડતી નથી. બોર્ડ દ્વારા પરીક્ષાના દરેક બ્લોકમાં સીસીટીવી મૂકવામાં આવ્યા છે. જેની ચકાસણી દર વર્ષે કરવામાં આવતી હોય છે. ચાલુ વર્ષની પરીક્ષાઓના સીસીટીવીના ફૂટેજની ચકાસણી કરવાની કાર્યવાહી માર્ચથી જ શરૂ કરાઈ છે. ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાઓમાં શહેર-જિલ્લાની સ્કૂલોના બ્લોક સીસીટીવીની નજર હેઠળ હતા.અંદાજે ૪૫૦૦થી વધુ જેટલી ડીવીડીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે સીસીટીવી ચકાસણી કરવા માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

# ૨૦૧૪માં નવજોત, ૨૦૧૯માં વિવેક ઓબેરોય - ભાજપનો સેલેબ્રિટી ફંડા

ગાંધીનગર

ભાજપે ગુજરાતના લોકોના મત લેવા માટે પહેલાં પૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિધુંનો સહારો



લીધો હતો પરંતુ તેઓ કોંગ્રેસમાં જોડાઈ જતાં હવે ફિલ્મસ્ટાર વિવેક ઓબેરોયનો સહારો લેવામાં આવ્યો છે. ભાજપને લોકસભાની બેઠકો જીતાડવા માટે સેલેબ્રિટીનો સહારો લેવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે વિવેક ઉપરાંત હેમા માલિની અને પરેશ રાવલને લાવવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસે પણ ચૂંટણી જીતવા માટે ફિલ્મસ્ટાર્સ અને ક્રિકેટરોનો સહારો લીધો છે. કોંગ્રેસે બોલીવૂડની અભિનેત્રી ઉર્મિલા માતોડકર, ભાજપના સાંસદ અને ફિલ્મસ્ટાર શત્રુઘ્ન સિંહા અને તેમની પુત્રી અને અભિનેત્રી સોનાક્ષી સિંહાને ચૂંટણીના પ્રચારમાં ઉતારવાનું નક્કી કર્યું છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન પર બનેલી ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદીના પ્રમોશન માટે ફિલ્મ સ્ટાર વિવેક ઓબેરોય વડોદરામાં આવ્યા છે. આ ફિલ્મ ચૂંટણી પંચ અને અદાલતી વિવાદમાં ફસાઈ છે ત્યારે વિવેક ઓબેરોય આ ફિલ્મનું પ્રમોશન કરી રહ્યાં છે. આ ફિલ્મ ક્યારે રિલીઝ થશે તે અનિશ્ચિત છે છતાં પ્રમોશનના નામે ચૂંટણી પ્રચારમાં ભાજપ તરફી મતો મેળવવા માટેનો આ ગેમ પ્લાન છે. આ ફિલ્મમાં વિવેક ઓબેરોય મોદીનું પાત્ર ભજવી રહ્યાં છે. વડોદરાની પારૂલ યુનિવર્સિટીમાં વિવેક ઓબેરોયનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવેકનું નામ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. કહેવામાં આવે છે કે વિવેક ઓબેરોયની ફિલ્મ ૧૧મી એપ્રિલે રજૂ કરવામાં આવનાર છે પરંતુ તેની સામે વિપક્ષો અને કોંગ્રેસને વાંધો છે. આ ફિલ્મની રિલીઝ બે વખત પાછી ઠેલવામાં આવી છે.

વડોદરામાં વિવેક ઓબેરોયે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી એક સન્માનનિય વ્યક્તિ છે. મોદીનું દેશમાં જ નહીં પણ વિશ્વના દેશોમાં માન અને સન્માન છે. વિશ્વના કોઈપણ નેતાની આંખમાં આંખ મિલાવીને તેઓ વાત કરે છે. તેઓ કોઈ જાણીતી અટક વિના વડાપ્રધાન બન્યા છે. વડાપ્રધાન મોદી ઉપર બનેલી ફિલ્મમાં કામ કરવું એ મારા ગૌરવની વાત છે. મારી ફિલ્મને રોકવા માટે અનેક લોકોએ પ્રયાસો કર્યા છે.

ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ફાયરબ્રાન્ડ નેતા અને પૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિંધુનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. શાયરી અને ખુશામતના શોખિન નવજોતસિંહે ભાજપને ચૂંટણીઓ જીતાડવામાં ભરપૂર મદદ કરી હતી પરંતુ તેઓ કોંગ્રેસમાં જોડાઈને પંજાબ સરકારમાં મંત્રીપદે બેસી ગયા છે તેથી ભાજપને તેમનો લાભ મળી શકે તેમ નહીં હોવાથી ભાજપે ફિલ્મસ્ટાર વિવેક ઓબેરોયને પસંદ કર્યા છે.

# ફિર એક બાર મોદીના રથમાં આરૂઢ અમિત શાહનો ગ્રાન્ડ રોડ શો

**અમિત શાહના બે તબક્કાના રોડ શોમાં લોકો સ્વયંભુ ઉમટી પડ્યા : વેજલપુરથી વસ્ત્રાપુર તેમજ રાણીપ રામજી મંદિરથી દેવભૂમિ સુધી બે ચરણમાં રોડ શો : ધર્મગુરુ અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ આશીર્વાદ આપ્યા**






ગાંધીનગર

ગુજરાતની ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર




અમિત શાહે ફિર એક બાર મોદી--ના સ્લોગન સાથેના રથમાં અમદાવાદમાં ગ્રાન્ડ રોડ શો કર્યો છે. બે તબક્કામાં યોજાયેલા આ રોડ શો માં જંગી જનમેદની અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

ઉમેદવારી પત્ર ભર્યા પછી અમિત શાહનો આ બીજો રોડ શો છે. અમદાવાદના વેજલપુરથી તેમણે રોડ શો શરૂ કર્યો હતો. વંદે માતરમ અને ભારત માતા કી જય સાથે આ રોડ શો માં સમર્થકોએ અમિત શાહનું ઠેરઠેર સ્વાગત કર્યું હતું. ખુલ્લી જીપમાં અમિત શાહે કાશ્મીરના મુદ્દા અંગે કોંગ્રેસની ટીકાઓ કરી હતી. તેઓ નિર્ધારિત સમય કરતાં પોણો કલાક મોડા આવ્યા હતા. આ રોડ શો માં ભાજપના ઝંડા સાથે કાર્યકરોએ બાઈક રેલી કરી હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના રોડ શો માં તેમને જોવા માટે શહેરના વિસ્તારોમાં જનમેદની પણ ઉપસ્થિત રહી હતી. અમિત શાહ ગુજરાતમાં પહેલા ધારાસભ્ય હતા અને રાજયના ગૃહમંત્રી તરીકે જવાબદારી નિભાવી છે. અમિત શાહનો વિધાનસભા વિસ્તાર નારણપુરા હતો તેથી તેમણે તેમના જૂના વિસ્તારમાં પણ લોકોનું અભિવાદન લીધું હતું. રોડ શો ના રથમાં ડીજે સિસ્ટમ પણ રાખવામાં આવી હતી. આ રોડ શો દરમ્યાન શહેરની પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

અમિત શાહે કહ્યું કે તેઓ ભાજપને ગુજરાતની ૨૬ બેઠકો જીતાડી આપવા સક્ષમ છે. તેમણે ગુજરાતની જનતાને અપીલ કરી હતી કે મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવા ગુજરાતની તમામ બેઠકો ભાજપને જોઈએ છે તેથી ભારે મતદાન કરીને ભાજપના ઉમેદવારને મત આપજો.

ભાજપના સ્થાપના દિવસની સમગ્ર ભારતમાં ઉજવણી વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અમદાવાદમાં બે તબક્કામાં ભવ્ય રોડ શો કરીને લોકસંપર્ક કાર્યક્રમ યોજ્યો હતો. ધર્મગુરુઓ તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ અમિત શાહનું અભિવાદન કરીને વિજય ભવના આશીર્વાદ આપ્યા હતા. અમિત શાહે જહાં હુએ બલિદાન મુખરજી, વો કાશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હૈ વો સારા કા સારા હૈના બુલંદ નારા સાથે ભવ્ય રોડ શોનો પ્રારંભ કરાવ્યો હતો. ભારત માતા કી જય અને વંદેમાતરમના નામથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યું હતું. અમિત શાહનું અભિવાદન કરવા માટે લોકો સ્વયંભુ ઉમટી પડ્યા હતા. રોડ શોમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, ભાજપ પ્રદેશ અધ્યક્ષ, ધારાસભ્યો સહિત વિવિધ સમાજના આગેવાનો અને હજારોની સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. ભવ્ય રોડ શો હેઠળ લોકસંપર્કની શરૂઆત સવારે નવ વાગે થઈ હતી. બીજા તબક્કાના રોડ શોની શરૂઆત સાંજે ૫.૩૦ વાગે રાણીપથી થઈ હતી. રાણીપ રામજી મંદિરથી આની શરૂઆત થયા બાદ દેવભૂમિ રોડ ખાતે સમગ્ર રોડ શોનું સમાપન થયું હતું. બંને તબક્કાના રોડ શો દરમિયાન વેજલપુરથી વસ્ત્રાપુર અને રાણીપ રામજી મંદિરથી દેવભૂમિ રોડ સુધી રુટ પર હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહે સરખેજના વણઝર ગામ ખાતેથી આજે પવિત્ર ચૈત્રી નવરાત્રિ નિમિતે અને ભાજપના સ્થાપના દિને પુષ્પાંજલિ કરીને પોતાના ચૂંટણી પ્રચારની વિધિવત્ શરૂઆત કરી હતી. અમિત શાહે માથા પર કેસરિયો સાફો બંધાવીને રોડ શોનો પ્રારંભ કર્યો હતો.



# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવ દિવસ નકોરડા ઉપવાસ

**ચૈત્રી નવરાત્રી દરમિયાન નવ દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માત્ર પાણી અને લીંબુ પર**

ગાંધીનગર

ચૈત્ર મહિનાની શરૂઆતનાં નવ દિવસોને નવરાત્રી ગણવામાં આવે છે. વર્ષમાં આવતી આ એક નવરાત્રીને અતિ શુભ માનવામાં આવે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આ નવરાત્રી ખૂબ મહત્વ ધરાવે છે.

નવરાત્રીની શરૂઆતની સાથે આ દિવસે ગુડી પડવો, ચેટીચાંદનો તહેવાર પણ ઊજવવામાં આવે છે. વર્ષમાં કુલ ચાર નવરાત્રી આવે છે.

આસો મહિનામાં શરદ ઋતુની નવરાત્રીને શારદીય નવરાત્રી કહેવાય છે. ગુજરાતના યાત્રાધામ અંબાજીમાં ચૈત્રી નવરાત્રિના શુભારંભે મંદિરમાં વિધિવત ઘટ સ્થાપના કરવામાં આવે છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા જતા હોય છે. જેની સાથે મંદિર ચાચરચોકમાં મા અંબાની અખંડ ધૂનનો પ્રારંભ કરવામાં આવે છે.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલું અંબાજી મંદિર ૫૧ શક્તિપીઠ પૈકીનું એક પરમ પવિત્ર શક્તિપીઠ છે. ગુજરાત અને દેશના કરોડો શ્રધ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંબાજીના પરમ ઉપાસક છે અને તેઓ ચૈત્રી અને આસો માસની નવરાત્રીમાં નવ દિવસ નકોરડા ઉપવાસ રાખે છે. તેઓ ચૈત્રી નવરાત્રી અને આસો નવરાત્રીના નવ દિવસ દરમ્યાન માત્ર પાણી અને લીંબુના જ્યુસ પીને માની ઉપાસના કરે છે.

સવાર અને સાંજ બંને સમય માતાજીની આરાધના કરે છે. છેલ્લા ૩૯ વર્ષથી નરેન્દ્ર મોદી ચૈત્ર અને આસો મહિનાની બંને નવરાત્રિમાં નવ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરે છે.